અગત્યનું

ક્રમાંકઃ/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૨૬૧-૪૨૯૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૭/૦૯/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષયઃ- ધોરણ-૧૧ના ભાષાઓના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.

સંદર્ભઃ- અત્રેનો તા.૧૬/૦૮/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃમઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૦૯૪-૪૧૨૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના તમામ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર, બ્લ્યૂપ્રિન્ટ અને નમૂનાના પ્રશ્નપત્રો આપના તાબાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપવા અત્રેથી આપને મોકલી આપવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પણ પ્રશ્નપત્ર પરિરૂપની વિગતો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર ધોરણ-૧૧ના તમામ પ્રવાહોમાં ભાષાઓના વિષયોમાં પ્રશ્નપત્ર પરિરૂપમાં એકસૂત્રતા અને સમાનતા જળવાય તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૧૬/૦૮/૨૦૧૮ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ માટેના ભાષાઓના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ ધોરણ-૧૧ના અન્ય તમામ પ્રવાહ માટે પણ એકસમાન ધોરણે લાગુ પાડવાના રહેશે.

વિષયોઃ૧. ગુજરાતી (પ્રથમ અને દ્વિતીય ભાષા ) ૨. હિન્દી (પ્રથમ અને દ્વિતીય ભાષા )
૩. અંગ્રેજી (પ્રથમ અને દ્વિતીય ભાષા ) ૪. સંસ્કૃત

શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૧૯થી ધોરણ-૧૧માં ભાષાઓના ઉપર મુજબના વિષયોમાં એક સમાન પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ કરવાનો રહેશે. આ અગાઉ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ સામાન્ય પ્રવાહ માટેના ભાષાઓના પ્રશ્નપત્ર પરિરૂપ વર્ષ ૨૦૧૮-૧૯થી રદ ગણવાના રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

પ્રતિ, જા.નં - ૪૩૬૪૫૫
તા- ૭/૯/૧૮
આચાર્યશ્રી (તમામ)
ઉ. માધ્યમિક
જિ. વડોદરા.
સદર બાબતે જાણ, તથા
અમલીકરણ સારું. 7/9/18

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાનાઃ-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.

E:\મઉ\પરિપત્ર-ધોરણ-૧૧ના ભાષાઓના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ.docx

Scanned by CamScanner